# અનુક્રમણિકા

1. જૂઈબહેન અને ભાભી ................................1
2. રાજુ અને ગટુની દોસ્તી ............................ 4
3. બકરીનાં બચ્ચાં અને લુચ્ચું શિયાળ ..............10
4. ઠગભગત બગલો..................................17
5. કીડીબહેન કામણિયા .............................22
6. ભાભીના ચિત્રની વાર્તા ...........................28
7. હાથી હરીફાઈમાં જીત્યો.......................... 33
8. વાંદરાભાઈ વૈદ બન્યા ............................39
9. બધાં હળીમળીને રહેજો ..........................47

QR શ્રાવ્ય

આ પુસ્તકની દરેક વાર્તા સાથે આપેલ QR Codeને તમારા સ્માર્ટ ફોનના QR Code Scanning App વડે સ્કેન કરીને તેની લિંક ખોલવાથી આપ તે વાર્તા સાંભળી શકશો.

# જૂઈબહેન અને ભાભી

એક જૂઈબહેન હતાં, નાનકડાં નાનકડાં, ગોરાં ગોરાં, ખૂબ રૂપાળાં. જૂઈબહેન લટકમટક ચાલે અને પટકપટક વાતો કરે. જૂઈબહેનને તમે જુઓ કે તરત જ તમારાં બધાં દુઃખ ભૂલી જાઓ.

આવાં જૂઈબહેનનાં એક મામી હતાં. મામી મુંબઈ રહેતાં હતાં. થોડા દિવસો ફરવા માટે જૂઈબહેનના ઘેર આવ્યાં હતાં. એમને ઘરમાં બધાં ભાભી કહે. એથી જૂઈબહેન પણ એમને ભાભી કહે. જૂઈબહેનની મમ્મી કહે કે જૂઈ, તારાં તો એ મામી થાય. તો જૂઈબહેન કહે, ના, મારાં પણ એ ભાભી જ. જૂઈબહેનનાં મામી પણ એવાં જ! એમને મામી થવું જરા પણ ન ગમે. એટલે એ પણ જૂઈબહેનને કહે, હા-હોં! હું તારી પણ ભાભી જ. જૂઈબહેન ખુશ ખુશ થઈ ગયાં.



જૂઈબહેનને ભાભી બહુ ગમે. ભાભીને પણ જૂઈબહેન બહુ વહાલાં. જૂઈબહેન જેમ કહે તેમ ભાભી કરે. જૂઈબહેનના નખ રંગી આપે. લિપ્સ્ટિક કરી આપે. જુદી જુદી રીતે વાળ ઓળી આપે.

જૂઈબહેન જેવાં રૂપાળાં તેવાં જ ડાહ્યાં. કોઈ વાતે કજિયો નહીં. ડાહ્યાં થઈને રમ્યાં કરે, પણ એક

વાત એમને ગમે નહીં. દૂધ પીવાનાં ચોર! દૂધ પીવું જ ન હોય. બિચારી મમ્મી દૂધનો પ્યાલો લઈને આવે કે તરત જ જૂઈબહેન નાસી જાય. હાથમાં આવે જ નહીં ને! પાછળ દોડી દોડીને મમ્મી થાકી જાય, પણ જૂઈબહેન દૂધ પીવા તૈયાર જ ન થાય.

એક દિવસ ભાભી તે બધું જોતાં હતાં. જૂઈબહેન વાર્તા સાંભળવાનાં બહુ શોખીન હતાં એ વાત યાદ આવી. કોઈ વાર્તા સંભળાવે તો જૂઈબહેન એના તાબે. ભાભીને ઘણી સરસ સરસ વાર્તાઓ આવડે. ભાભીએ જૂઈબહેનનાં મમ્મીને કહ્યું :

"મને એક સરસ મજાની વાર્તા આવડે છે. તમને કહું?"

જૂઈબહેનની મમ્મી કહે :

"વાર્તા? મને તો વાર્તા સાંભળવી બહુ ગમે... તમે મને જલદી જલદી વાર્તા કહોને!"

ત્યાં તો જૂઈબહેન વચ્ચે ટપક્યાં :

"ના... ભાભી, મમ્મીને નહીં... મને વાર્તા કહો..."

ભાભી તરત જ બોલી ઊઠ્યાં, "હા... હું તો મારાં મીઠડાં મીઠડાં જૂઈબહેનને જ વાર્તા કહીશ..." આ સાંભળીને મમ્મી ઢીલું મોઢું કરીને બેસી ગઈ. જૂઈબહેન પોતાનો વટ પડ્યો હોય તેમ મરક મરક હસવા લાગ્યાં. ભાભી કહે :

"જૂઈબહેન, તમને વાર્તા તો કહું, પણ ભૂખ્યા પેટે વાર્તા ન સંભળાય...'

પછી ભાભી જૂઈબહેનનાં મમ્મીને વઢવા લાગ્યાં. "કેમ તમે જૂઈબહેનને દૂધ નથી પાયું? એને વાર્તા સાંભળવી છે... ઝટ

દૂધ લાવો...” મમ્મી દોડતી ગઈ અને દૂધનો પ્યાલો લાવી. ભાભીએ કહ્યું :

“ચાલો માલાં ડાહ્યાં ડાહ્યાં જૂઈબહેન...! દૂધ પી લો... પછી વાર્તા કહું...”

જૂઈબહેન તો દોડતાં દોડતાં આવી ભાભીના ખોળામાં બેસી ગયાં. દૂધનો પ્યાલો હાથમાં પકડીને ગટક ગટક દૂધ પી ગયાં. પછી આંખો પટપટાવતાં કહે :



“ભાભી, હવે કહો વાર્તા...”

ભાભીએ જૂઈબહેન માટે વાર્તા શરૂ કરી, “એક હતો રાજા અને એક હતી રાણી. ખાધું પીધું અને રાજ કીધું! વાર્તા થઈ ગઈ પૂરી!”

જૂઈબહેન તો ગુસ્સે થઈ ગયાં, પણ ભાભી તો જૂઈબહેનને ડિંગો બતાવીને દોડી ગયાં. જૂઈબહેન પણ ભાભીની પાછળ દોડવા લાગ્યાં. આગળ ભાભી દોડે અને પાછળ જૂઈબહેન ભાભીને પકડવા દોડે છે.

જોઈએ હવે જૂઈબહેન ભાભીને પકડી શકે છે કે નહીં? જો એ પકડી પાડશે તો જૂઈબહેનની સાથે તમને બધાંને પણ સરસ મજાની વાર્તા સાંભળવા મળશે. જૂઈબહેન ભાભીને પકડી શકશે નહીં તો તમને પણ વાર્તા નહીં સાંભળવા મળે! બાળદોસ્તો, ઝટપટ બેસી જાઓ. ભગવાનને પ્રાર્થના કરો કે જૂઈબહેન ભાભીને પકડી પાડે ઝટઝટ! આપણે તો વાર્તા સાંભળવી છે ને?